

## નવસાહસિકોનું સર્જન


# અમદાવાદની ઇડીઆઇ જાગતિક ક્ષેત્રે તેની પાંખો વિસ્તારે છે

■ અનિલ દેવપુરકર

**એક સમય હતો, જ્યારે યુવાનો શિક્ષણની સમાપ્તિ પછી સારી નોકરીની તલાશમાં રહેતા. હવે સમય બદલાયો છે. નાનો તો નાનો, પણ પોતાનો ઉદ્યોગ સ્થાપવાની કે વેપાર કરવાની વૃત્તિ ધરાવતા યુવાન સાહસિકોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. આવા યુવાનોમાં આત્મવિશ્વાસ કેળવવા અને ઉદ્યોગધંધાની અનેક આંટીઘૂંટી સમજાવવાથી માંડીને નાણાસહાય કરવા સુધીની કામગીરી બજાવતી અમદાવાદની એક સંસ્થાની આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નોંધ લેવાઇ છે.**

આર્થિક ઉદારીકરણની પ્રક્રિયાએ ઘણાં સમીકરણો બદલી નાખ્યાં છે. કોઇક કાળે યુવાનો બીએ-બીકોમ થઇને નોકરીની તલાશમાં સર્ટિફિકેટોની ફાઇલ ઝુલાવતા ઓફિસોનાં ચક્કર કાપતા રહેતા. આજે એવું નથી. આજે યુવાનોને પોતીકો વેપાર કરવો છે. તેને કારખાનું સ્થાપવું છે, જાહેર ભરણું યોજવું છે. આવા સાહસિકોને વેપાર-ઉદ્યોગનું ગણિત સમજાવતી, નાણાકીય સહાયની પ્રક્રિયાઓ, સરકાર દ્વારા અપાતા લાભો વગેરેની સમજ આપતી કેન્દ્ર કે રાજ્ય સરકારો સંચાલિત સંસ્થાઓ તો આ દિશામાં સક્રિય છે જ, પરંતુ કેટલીક ખાનગી સ્વાયત્ત સંસ્થાઓ પણ આ દિશામાં નક્કર કામગીરી કરી રહી છે.

આ દિશામાં નક્કર કાર્ય કરતી એક સંસ્થા છેલ્લાં ૧૦ વર્ષથી અમદાવાદ ખાતે કાર્યરત છે. ધ એન્ટરપ્રિનિયોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇ)ના નામે ઓળખાતી આ સંસ્થાની કામગીરીની નોંધ આંતરરાષ્ટ્રીય સ્તરે લેવાય છે.



અમદાવાદના આંતરરાષ્ટ્રીય હવાઈ મથકથી માંડ પાંચ કિલોમીટર દૂર, ભાટ ગામ નજીક આવેલી આ સંસ્થા ૨૩ એકર જમીનમાં ૬,૧૧૦ સ્ક્વેર મીટરના બાંધકામ સાથેનું વિશાળ સંકુલ ધરાવે છે. ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ બેન્ક ઓફ ઇન્ડિયા (આઇડીબીઆઇ), ઇન્ડસ્ટ્રિયલ ફાઇનાન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (આઇએફસીઆઇ), ઇન્ડસ્ટ્રિયલ ક્રેડિટ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (આઇસીઆઇસીઆઇ) અને સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા (એસબીઆઇ) જેવી માતબર નાણાસંથાઓના સંયુક્ત સાહસથી આ સંસ્થા અસ્તિત્વમાં આવી છે. ગુજરાત રાજ્ય સરકારના સંપૂર્ણ સહકાર સાથે ચાલતી આ સંસ્થાને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે નામના મળી છે તથા વર્લ્ડ બેન્ક, ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન, યુનિડો તથા અન્ય અનેક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનો સહકાર આ સંસ્થાને સાંપડ્યો છે. શિક્ષણ, સંશોધન અને તાલીમ એ આ સંસ્થાનું મુખ્ય ધ્યેય છે.

# આવતીકાલના નાગરિકો માટેનો ટ્રેનિંગ પ્રોગ્રામ

ઉદ્યોગસાહસિકો માટે આશીર્વાદરૂપ બનેલી એન્ટરપ્રિનિયોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ (ઇડીઆઇ) દ્વારા તાજેતરમાં એક અભૂતપૂર્વ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. ૧૨થી ૧૭ વર્ષનાં બાળકો માટે એક સપ્તાહ સુધી એન્ટરપ્રિનિયોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ખાતે યોજાયેલા આ કેમ્પનો આશય બાળકોના મનમાં વેપાર-ઉદ્યોગ ક્ષેત્રે સાહસિક બનવાનાં બીજ રોપવાનો છે.

આ કાર્યક્રમના સંચાલક ડૉ. સુનીલ શુક્લાએ *બિઝનેસ અભિયાન*ને જણાવ્યું હતું કે આ એવી ઉંમર છે, જ્યારે તેમને જો યોગ્ય માર્ગદર્શન મળે તો તેઓ પોતાના ભવિષ્યને સ્વબળે યોગ્ય આકાર આપી શકે.

ડૉ. શુક્લાએ જણાવ્યું હતું કે આ કેમ્પનો આશય વિશાળ દૃષ્ટિકોણવાળો છે. કેમ્પનાં બાળકો ભવિષ્યમાં માત્ર ઉદ્યોગપતિ જ બને એવી તાલીમ અમે નથી આપતા. તેમને જે ક્ષેત્રમાં રસ હોય તે ક્ષેત્રમાં તેઓ ટોચ ઉપર પહોંચી શકે એટલા આત્મવિશ્વાસના તથા વ્યક્તિવિકાસના ઉત્તમ પાઠ ભણાવાય તો તેમનાં સ્વપ્ન સાકાર કરવાનું સરળ બનશે. એટલું જ નહીં, તેમની આકાંક્ષા બળવત્તર બનશે અને પોતપોતાના ક્ષેત્રમાં ટોચ ઉપર પહોંચવા તેઓ માનસિક રીતે તૈયાર થશે.

તાલીમ માટે આવેલાં વિદ્યાર્થીવિદ્યાર્થિનીઓને અહીં સાત દિવસ સુધી રહેવા-જમવાની તમામ સગવડો અપાઈ છે. વિવિધ કાર્યક્રમો સવારથી મોડી રાત સુધી ચાલુ રહે છે. આ કેમ્પને ખૂબ જ સારો પ્રતિસાદ મળતાં હવે સંસ્થા ભવિષ્યમાં આવા કેમ્પ ૧૨થી ૧૭ વર્ષનાં બાળકો માટે કાયમી ધોરણે યોજવાનું વિચારી રહી છે.



બાળકો ઈડીઆઈના કેમ્પમાં વેપારઉદ્યોગનું પ્રાથમિક જ્ઞાન ગ્રહણ કરી રહ્યાં છે



ડૉ. સુનીલ શુક્લા: યોગ્ય માર્ગદર્શન મળે તો બાળકો પોતાના ભવિષ્યને યોગ્ય આકાર આપી શકે

ઇડીઆઇ દ્વારા પ્રોત્સાહિત આવી અનેક સંસ્થાઓમાંથી અત્યાર સુધીમાં લગભગ ૧૦ હજારથી વધુ સાહસિકો બહાર પડ્યા છે. એમાંથી લગભગ ૫,૦૦૦થી વધુ સાહસિકોએ પોતાના ઉદ્યોગો સ્થાપ્યા છે.

આ સંસ્થામાં ઉત્પાદનની પસંદગી, પ્રોજેક્ટ રિપોર્ટની તૈયારી, વેચાણવ્યવસ્થા, જાહેરખબર તથા વેપાર-ઉદ્યોગનું અર્થકારણ, લઘુઉદ્યોગ, સરકારની નીતિઓ અને વેપાર-ઉદ્યોગના ગણિતની ઘનિષ્ઠ સમજ આપવામાં આવે છે. વિવિધ ક્ષેત્રના ટોચના સંશોધકો, શિક્ષણશાસ્ત્રીઓ, અનુભવીઓ તથા માનસચિકિત્સકો દ્વારા અપાતી તાલીમને કારણે સાહસવૃત્તિને પ્રોત્સાહન મળે છે.

ઇડીઆઇ માત્ર ભારતમાં નહીં, પરંતુ વિશ્વના અનેક વિકાસશીલ દેશોમાં પણ 'એન્ટરપ્રિનિયોરશિપ ડેવલપમેન્ટ' પ્રોગ્રામો આપે છે. રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય સ્તરના સેમિનારો યોજે છે અને તેમાં ભાગ લે છે. આ સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ તાલીમાર્થીઓ તૈયાર કરાયા છે, જેઓ સંસ્થાના શિક્ષણના ઢાંચાને અનુરૂપ આ કામગીરી આગળ વધારી રહ્યા છે.

ડિગ્રી કે ડિપ્લોમા ધરાવતા એન્જિનિયરો ઉપરાંત શિક્ષિત અને અશિક્ષિત બેકારો, મહિલાઓ, આદિવાસીઓ, લશ્કરના નિવૃત્ત જવાનો તથા ગ્રામવિસ્તારના ગરીબો પગભર થઈ શકે એવા કાર્યક્રમો પણ ઇડીઆઇ દ્વારા હાથ ધરાય છે. રેસિડેન્ટ હોસ્ટેલ, ડાઇનિંગ હોલ, કોન્ફરન્સ હોલ, લાઇબ્રેરી જેવી તમામ સુવિધાઓ સાથે સજ્જ ઇડીપી કેમ્પસ સતત કોઈ ને કોઈ કાર્યક્રમથી ધમધમતું રહે છે. લગભગ ૨,૫૦૦ જેટલાં પુસ્તકો, ઉદ્યોગ-વેપારને લગતી વિડિયો કેસેટો વગેરેનો અદ્‌ભુત સંગ્રહ ઇડીપી પાસે છે.

૧૯૬૯માં જીઆઇઆઇસીએ ૧૦૦ ટકાની નાણાકીય સહાય સાથે ટેક્નિશિયનો માટે એક યોજના રજૂ કરી હતી, જેમાં તંત્રવિજ્ઞાનના સુશિક્ષિતો પોતાનો ઉદ્યોગ સ્થાપે એવો આશય હતો. આ યોજનાને અભૂતપૂર્વ સફળતા મળી. જાણીતા અર્થશાસ્ત્રી ડૉ. વી.જી. પટેલ આ સંસ્થાના મુખ્ય નાણાકીય સલાહકાર તરીકે નિમાયા. ડૉ. પટેલે અમદાવાદના કેટલાક અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે બેઠક યોજી, જેમાંથી ટ્રેનિંગ અને કાઉન્સેલિંગ દ્વારા ઉદ્યોગ સાહસિકોને આગળ લાવવાની યોજના બનાવાઈ. આ યોજનાના ભાગરૂપે એન્ટરપ્રિનિયોર ડેવલપમેન્ટ પ્રોગ્રામનું માળખું રચાયું. ૧૯૭૦માં અનિલ ત્રિવેદી પહેલા ટ્રેઇનર તરીકે નિમાયા અને પહેલો પ્રોગ્રામ થયો, જેમાં ૪૫ જણે પોતાના ઉદ્યોગ સ્થાપ્યા. આ સફળતાથી આ દિશામાં હજી આગળ વધવાની શક્યતાઓ વધી. પાંચ વર્ષ સુધી અનેક શહેરોમાં આવા તાલીમ કાર્યક્રમો યોજાયા. ૧૯૭૯માં આઇડીબીઆઇએ ગુજરાતમાં ઠેરઠેર થતા તાલીમ કાર્યક્રમોના મોડેલ પેપર અન્ય રાજ્યોમાં મોકલી તેમના અનુભવો મગાવ્યા. આ કાર્યક્રમોને મળેલી સફળતા રોમાંચક હતી. આ સાથે જ આવા કાર્યક્રમો કરતી એક આગવી સંસ્થા સ્થાપવાનો વિચાર ઉદ્‌ભવ્યો. આ વિચારને ૧૯૮૩માં અમલમાં મુકાયો અને શિક્ષણસંસ્થા ઇડીઆઇનો જન્મ થયો.

આધુનિક સગવડો ધરાવતી આ શિક્ષણસંસ્થા સમગ્ર વર્ષભર એક દિવસથી માંડીને ૯ મહિના સુધીના તાલીમ કાર્યક્રમનું આયોજન કરતી રહે છે. લગભગ તમામ સ્તર અને કક્ષાના લોકોને આવરી લેતા વિવિધ શિક્ષણ કાર્યક્રમો માટે ઇચ્છુકોનો ભારે ધસારો રહે છે. ■